**VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY**
University Campus, Udhna-Magdalla Road, SURAT – 395 007
**વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી**
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના–મગદલ્લા રોડ, સુરત – ૩૯૫ ००७
**(Accredited B++ equivalent to Five Star status by NAAC)**

✆ : 2227141 to 2227146 — ✆ : ૨૨૨૭૧૪૧ થી ૨૨૨૭૧૪૬
**Fax** : (0261) 2227312 — **ફેકસ** : (૦૨૬૧) ૨૨૨૭૩૧૨
**Gram** : VNSGU — **તાર** : વીએનએસજીયુ
**E-mail :** sgu@sguernet.in

**ખાનગી** — **સિન્ડિકેટની સામાન્ય સભા**
**ફકત સભ્યોની જાણ માટે** — **તા. ૫–૩–૨૦૦૭**

સિન્ડિકેટની સામાન્ય સભા ગુરૂવાર, તા.૫–૩–૨૦૦૭ ના રોજ બપોરે ૩ઃ ૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયના સમિતિખંડમાં મળી હતી. જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી.

## –: કાર્યવાહી :–

| **ક્રમ** | | **તા. ૫–૩–૨૦૦૭** |
|---|---|---|
| ૧. | ડૉ. રમેશચંદ્ર જી. કોઠારી (કુલપતિશ્રી) | હાજર |
| ૨. | શ્રી જયેશ વી. દેશકર (ઉપ–કુલપતિશ્રી) | હાજર |
| ૩. | ડાયરેકટર ઓફ હાયર એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૪. | ડાયરેકટર ઓફ ટેકનીકલ એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૫. | ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસીસ એન્ડ મેડિકલ એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૬. | આચાર્ય ડૉ. ભાસ્કર મહેન્દ્ર રાવલ | ગેરહાજર |
| ૭. | આચાર્ય શ્રી જયંતીલાલ મગનલાલ નાયક | હાજર |
| ૮. | ડૉ. કેશવભાઈ સી. પટેલ | હાજર |
| ૯. | ડૉ. શશીકાંત જી. શાહ | હાજર |
| ૧૦. | શ્રી હેમંતકુમાર જેઠાલાલ ટોપીવાલા | હાજર |
| ૧૧. | શ્રી દિપક ઈશ્વરલાલ આફ્રિકાવાલા | હાજર |
| ૧૨. | શ્રી સંજયકુમાર ઇશ્વરલાલ દેસાઈ | હાજર |
| ૧૩. | શ્રી હોશંગ જહાંગીરજી મીરઝા | હાજર |
| ૧૪. | શ્રી નૈષધ ભૂપતભાઈ દેસાઈ | હાજર |
| ૧૫. | શ્રી મયૂરભાઈ ચૌહાણ | હાજર |
| ૧૬. | આ. શ્રી યોગેશભાઈ લક્ષ્મીશંકર ભટ્ટ | હાજર |
| ૧૭. | શ્રી દિનેશભાઈ દાસા | હાજર |
| ૧૮. | ડૉ. ઘનશ્યામભાઈ રાવલ | હાજર |
| ૧૯. | ડૉ. વિપુલ જમનાદાસ સોમાણી | હાજર |
| ૨૦. | આ.ડૉ. ઉપેન્દ્રભાઈ ઠાકોરભાઈ દેસાઈ | હાજર |

૧. સને ૨૦૦૫–૨૦૦૬ ના વર્ષનાં વાર્ષિક અહેવાલ નો ખરડો તૈયાર કરવા માટે સમિતિની નિમણૂંક અંગે સિન્ડિકેટની સભાએ તેની તા.૮–૯–૨૦૦૬, બાબત ક્રમાંકઃ (૫૫)થી વિચારણા કરી નિયુકિત કરેલ સમિતિએ તૈયાર કરેલ યુનિવર્સિટીના (૪૦) મા વાર્ષિક અહેવાલનો ખરડો મંજૂર કરવા, તેમજ મંજૂર કરેલ પ્રસ્તુત અહેવાલ આગામી સેનેટની વાર્ષિક સભામાં કયા સભ્યશ્રી પાસે રજૂ કરાવવો તે અંગે વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, સને ૨૦૦૫–૨૦૦૬ના વર્ષનો વાર્ષિક અહેવાલ સિન્ડિકેટની સભાએ સૂચવ્યા મુજબના જરૂરી સુધારા વધારા સાથે મંજૂર કરવો અને આગામી સેનેટની વાર્ષિક સભામાં સેનેટ સભ્ય ડૉ. શશીકાંતભાઈ જી. શાહ પાસે રજૂ (MOVE) કરાવવાનું રાખવું.

૨. યુનિવર્સિટીનુ સને ૨૦૦૬–૨૦૦૭નું સુધારેલ અંદાજપત્ર તથા સને ૨૦૦૭–૨૦૦૮ના અંદાજપત્ર પર વિચારણા કરવા બાબત.

તા. ૨૮/૨૯–૩–૨૦૦૭ના રોજ મળનાર સેનેટની વાર્ષિક સભામાં યુનિવર્સિટીનું બજેટ કયા સભ્યશ્રી પાસે રજૂ (Move) કરાવવું તે અંગે વિચારણા કરવા બાબત.

(હિસાબી)

:: આથી સર્વાનુમત ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીનું સને ૨૦૦૬–૨૦૦૭નું સુધારેલું અંદાજપત્ર અને સને ૨૦૦૭–૨૦૦૮નું અંદાજપત્ર મંજૂર કરવું અને આગામી સેનેટની વાર્ષિક સભામાં સેનેટ સભ્યશ્રી હેમંતભાઈ ટોપીવાલા પાસે રજૂ (**Move**) કરાવવું.

૩. યુનિવર્સિટીના બોર્ડ ઓફ એકાઉન્ટસનો સને ૨૦૦૫–૨૦૦૬ના વર્ષનો અહેવાલ તથા ભલામણો/ સુચનો આગામી સેનેટમાં રજૂ કરવા માટે મંજૂર કરવા બાબત……

(હિસાબી)

:: આથી બહુમતીએ ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના બોર્ડ ઓફ એકાઉન્ટસનો સને ૨૦૦૫–૨૦૦૬ના વર્ષનો અહેવાલ તથા ભલામણો/ સુચનો આગામી સેનેટમાં રજૂ કરવા.

૪. યુનિવર્સિટી સંલગ્ન કોલેજ કે જે યુનિવર્સિટી વિસ્તાર Act 2 (16) માં કાર્યાન્વીત ન હોય તે કોલેજોના ડીગ્રી ધારકોને યુનિવર્સિટી વિસ્તારમાં રહેતા ન હોય તો તેવા ડીગ્રી ધારકોને મતાધિકાર આપવા વિચારણા કરવા બાબત.

**નોંધઃ** યુનિવર્સિટી એકટ અને સ્ટેટ્યુટની જોગવાઈ નીચે મુજબ છે.

**Act 2 (16) : "University Area" means the areas specified in the schedule ;**

- **Surat District**
- **Bulsar District**
- **Broach District**
- **Dangs District**

**<u>Statute (3) (2)</u>:**

**All Graduates of the University shall be entered in the Register of the Registered Graduates on their first Graduation in the University and shall pay a fee of Rs. 20/- cash for such registration. <u>It will hold good for five years beginning from the 1st January of the following year, in which they have taken the degree provided they continue to reside ordinarily in the University area.</u>**

**The registration fee shall be paid alongwith the fees for admission to the first degree.**

(સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી સંલગ્ન કોલેજ કે જે યુનિવર્સિટી વિસ્તાર **Act 2 (16)** માં કાર્યાન્વીત ન હોય તે કોલેજોના ડીગ્રી ધારકોને યુનિવર્સિટી વિસ્તારમાં રહેતા ન હોય તો તેવા ડીગ્રી ધારકોને મતાધિકાર આપવા નીચે મુજબ વિચારણા કરવામાં આવી.

(૧) ડીગ્રી ધારક યુનિવર્સિટી વિસ્તારમાં રહેતો હોવો જોઈએ.

(૨) યુનિવર્સિટી વિસ્તારમાં કાર્યરત નવા જિલ્લા પંચાયતના પ્રમુખશ્રીને સ્ટેટયૂટ ૧૨ **(A)** માં સમાવવા રાજ્ય સરકારને ભલામણ કરવામાં આવે છે.

**૫.** વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના વિવિધ રહેઠાણ વિસ્તારના લેડીઝ ટીચર્સ કવાર્ટસ પૈકીના ઘણા મકાનો ખાલી પડેલ છે. ઉમદા હેતુ માટે આ સાથે સામેલ જિલ્લા નિયામક(વિ.જા.) ની કચેરી તરફથી સરકારી કુમાર છાત્રાલય (વિ.જા.) સુરત માટે મકાન/ જમીનની ફાળવણી કરવા અંગેના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(બાંધકામ )

:: આથી ઠરાવવામાં આવે છે કે, જિલ્લા નિયામક(વિ.જા.) ની કચેરી તરફથી સરકારી કુમાર છાત્રાલય (વિ.જા.) સુરત માટે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના વિવિધ રહેઠાણ વિસ્તારના લેડીઝ ટીચર્સ કવાર્ટસ પૈકીના ઘણા મકાનો ખાલી પડેલ છે તેની મકાન/ જમીનની ફાળવણી કરવા અંગેના પત્રનો અસ્વિકાર કરવો.

૬. ડીપાર્ટમેન્ટ ઓફ પબ્લીક એડમીનીસ્ટ્રેશનના M.P.A. ક્રેડીટ સીસ્ટમ, યુનિવર્સિટીના વિવિધ સત્તામંડળો દ્વારા સનઃ ૨૦૦૪માં મંજૂર કરવામાં આવેલ છે. આ ક્રેડીટ સીસ્ટમમાં જે તે સેમેસ્ટર પરીક્ષાઓના આગોતરા પરિણામ જાહેર કરવાની જોગવાઈ રાખવામાં આવેલ છે. આ જોગવાઈને સિન્ડિકેટ દ્વારા માન્ય રાખવા માટે વિચારણા કરવા બાબત

વધુમાં, ક્રેડીટ સીસ્ટમમાં પુનઃ મૂલ્યાંકન યુનિવર્સિટી દ્વારા નિર્ધારીત ફી લઈને ક્રેડીટ સીસ્ટમનાં નિયમો મુજબ જ ચાલુ રહે તે અંગેની માન્યતા આપવા અંગે વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: આથી બહુમતીએ ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી પરીક્ષાઓનું પરિણામ યુનિવર્સિટીના સ્ટેટયૂટ/ ઓર્ડિનન્સ મુજબ જ જાહેર કરવું.

૭. ધ રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળ વિવિધ સંસ્થાઓ–વ્યકિતઓ તરફથી વર્ષો જુની માહિતી અવાર નવાર માંગવામાં આવે છે. આ માહિતીઓ પૂરી પાડવામાં નીચે મુજબની કેટલીક મુશ્કેલીઓ ઉભી થાય છે.

– વર્ષો જુની માહિતી ભૂકંપીય પરિસ્થિતિમાં નષ્ટ પામી છે, તેવી માહિતી ઉપલબ્ધ થઈ શકતી નથી.

– વર્ષો જુની માહિતી કે જે સેનેટ હોલ નીચે રેકોર્ડ રૂમમાં રાખવામાં આવી હતી, જે પૂર હોનારતમાં નષ્ટ પામી છે, તેવી માહિતી ઉપલબ્ધ થઈ શકતી નથી.

– ભૂકંપીય પરિસ્થિતિમાં કવાર્ટસ્ ખાતે રેકોર્ડનાં સ્થળાંતર સમયે કેટલીક માહિતીઓ ગૂમ થવા પામી છે. તેવી માહિતી ઉપલબ્ધ થઈ શકતી નથી.

આ સંજોગોને ધ્યાનાર્થે લઈ, વિવિધ સંસ્થાઓ–વ્યકિતઓ તરફથી જયારે પણ આ પ્રકારની જૂની માહિતી માંગવામાં આવે ત્યારે, ઉપરોકત કારણસર આ પ્રકારની જુની માહિતી પૂરી પાડી શકાય તેમ ન હોય તેવા સંજોગોમાં શું કરવુ ? તેમજ છેલ્લા કેટલા વર્ષ સુધીની માહિતી આપી શકાય ? તે અંગે વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, રેકર્ડ રૂમ વિગતવાર, સેકશન વાઈઝ વર્ષ પ્રમાણે બનાવવું અને રેકર્ડ મેઈન્ટેઈન કરવો તેમજ કોમ્પ્યુટરાઈઝડ કરવો તથા જે રેકર્ડ ઉપલબ્ધ હોઈ, તે પ્રમાણે આપવો.

૮. **AICTE** નાં નોર્મ્સ મુજબ એમ.બી.એ. ના વ્યાખ્યાતા માટે નીચે પ્રમાણેના નોર્મ્સ છે.
"First Class Master's Degree in Business Management / Administration/ Other relevant management related discipline/ PGDBM/ PGDM Programmes (Minimum 2 Year duration) recognized by AICTE/MGRD/UGC and declared equivalent to MBA by AICTE/ AIU."
એમ.બી.એ.ના વ્યાખ્યાતા તરીકે પસંદગી પામેલ ઉમેદવાર..
(૧) કુ.શિલ્પા સુડેન– પી.જી.ડી.બી.એમ. થયેલ છે. તેમનો ટોટલ ગ્રેડ પોઈન્ટ ૧૬૦.૦૫ (3rd Rank) છે.
(૨) શ્રીમતી ટનુ નારંગ– સાઉથર્ન એડવેન્ટીસ્ટ યુનિવર્સિટી, યુ.એસ.એ. માંથી એમ.બી.એ. થયેલ છે.

જે **AICTE** ના નોર્મ્સ મુજબ માન્ય ગણાય કે કેમ ? તે અંગે મેનેજમેન્ટ શાખાના ડીનશ્રી ડૉ. સત્યેન્દ્રકુમારનો અભિપ્રાય મંગાવવામાં આવ્યો હતો. જે તા. ૧૫–૦૯–૨૦૦૬ના પત્રાંકઃ MBA/TCH-27/1080/2006 થી મોકલવામાં આવેલ છે. તે અંગે વિચારણા કરવા બાબત.

:: આથી ઠરાવવામાં આવે છે કે, (૧) એમ.બી.એ.ના વ્યાખ્યાતા તરીકે ઉમેદવારી કરનાર કુ.શિલ્પા સુડેને તોલાની ઈન્સ્ટિટયૂટ ઓફ મેનેજમેન્ટ સ્ટડીઝ ડીમ્ડ યુનિવર્સિટી સાથે પણ નથી અને અન્ય યુનિવર્સિટી સાથે પણ સંલગ્ન પણ નથી. એટલે તેમણે પાસે કરેલ પી.જી. ડીપ્લોમા પરીક્ષા એમ.બી.એ. સમકક્ષ ગણી શકાય નહિ એવા અધ્યક્ષશ્રી મેનેજમેન્ટ વિદ્યાશાખાના નકારાત્મક અભિપ્રાયને ધ્યાને લઈ કુ. શિલ્પા સુડેનને નિમણૂક નહિ આપવા સિન્ડિકેટને ભલામણ.

(૨) શ્રીમતી ટનુ નારંગે સધર્ન એડવેન્ટીસ યુનિવર્સિટી, યુ.એસ.એ. માંથી પાસ કરેલ એમ.બી.એ.ની પદવી યુ.જી.સી.એ રેકગ્નાઈઝડ કરી નથી છતા તેણીએ M.A.Social Science Degree in Economic ટીલક મહારાષ્ટ્ર વિદ્યાપીઠમાંથી પ્રથમ વર્ગમાં પાસ કરેલ છે ડીમ્ડ યુનિવર્સિટી છે અને તેના એગ્રીગ્રેટ માર્ક ૫૯ % છે. આથી એ.આઈ.સી.ટી.ઈનાં નોર્મ્સ પ્રમાણે તે પાત્રતા ધરાવે છે.

AICTE Regulation namely: "First Class Master's Degree in Management Administration/ Other related discipline, as Economics is the related discipline to Business Management. એવા અધ્યક્ષશ્રી મેનેજમેન્ટ વિદ્યાશાખાના હકારાત્મક અભિપ્રાયને ધ્યાને લઈ શ્રીમતી ટનુ નારંગને વ્યાખ્યાતા તરીકે નિમણૂક આપવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

ઉપરોકત બાબત એકેડેમિક કાઉન્સિલે તેમની તા. ૫–૧૦–૨૦૦૬ની સભાના બાબતક્રમાંકઃ ૩ ના ઠરાવ નં. (૧) અને (૨) ને સિન્ડિકેટને કરેલ ભલામણ પર વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બંને ઉમેદવારોની મેનેજમેન્ટ વિદ્યાશાખામાં વ્યાખ્યાતાની નિમણૂંક અંગે આપેલ જાહેરાત વર્તમાન AICTE ના નૉમ્સ વગેરે સાથે બાબત ફરી મુકવી.

૯. પરીક્ષા આચાર સમિતિની તા. ૮–૧૨–૨૦૦૬ની સભાની કાર્યવાહીની નોંધ તથા ભલામણો પર વિચારણા કરવા બાબત.

:: આથી ઠરાવવામાં આવે છે કે, પરીક્ષા આચાર સમિતિની તા. ૮–૧૨–૨૦૦૬ની સભાની કાર્યવાહીની નોંધ તથા ભલામણો **પરિશિષ્ટમાં** આપ્યા મુજબ મંજૂર કરવી.

**(પરિશિષ્ટઃ ક )**
(પરીક્ષા)

૧૦. પરીક્ષા આચાર સમિતિની તા. ૧૨–૧ –૨૦૦૭ની સભાની કાર્યવાહીની નોંધ તથા ભલામણો પર વિચારણા કરવા બાબત.

:: આથી ઠરાવવામાં આવે છે કે, પરીક્ષા આચાર સમિતિની તા. ૧૨–૧–૨૦૦૭ની સભાની કાર્યવાહીની નોંધ તથા ભલામણો **પરિશિષ્ટમાં** આપ્યા મુજબ મંજૂર કરવી.

**(પરિશિષ્ટઃ ખ )**
(પરીક્ષા)

**૧૧.** સાયન્સ ફેકલ્ટીના ફીઝીકસ વિષયમાં પીએચ.ડી. નાં માર્ગદર્શક શિક્ષક (સુપરવાઈઝીગ) ટીચર ફોર પીએચ.ડી. ડીગ્રી) તરીકેની માન્યતા આપવા અંગેની નર્મદા કોલેજ ઓફ સાયન્સ એન્ડ કોમર્સ, ભરૂચ (ઝાડેશ્વર)નાં લેકચરર ડૉ. કે.જી.રાવલની અરજી સંદર્ભમાં બી.યુ.ટી.ની તા. ૩૦–૯–૨૦૦૨ની સભાનાં ઠરાવ નં. ૩૧ અન્વયે આરજી પરત્વે નિયમાનુસાર આગળ ધટતાં પગલાં લેવાની સત્તા કુલપતિશ્રીને આપવામાં આવેલ હોઈ સદર બાબતેડૉ. કે.જી.રાવલનાં સંશોધન પેપર્સનો અહેવાલ આપવા માટે નિમાયેલ બે નિર્ણાયકો (ડૉ.ડી.જી.જુબેરકર–રાજકોટ અને ડૉ.પી.પી. પાટિલ– જલગાંવ) ના હકારાત્મક અહેવાલ/ રિપોર્ટ પરત્વે બી.યુ.ટી.ની તા.૨–૯–૨૦૦૬ની ભલામણ (ઠરાવ નં.૪) અન્વયે એકેડેમિક કાઉન્સિલની તા. ૫–૧૦–૨૦૦૬ની સભાના ઠરાવ ક્રમાંકઃ ૩૮થી કરેલ ભલામણ પર વિચારણા કરવા બાબત.

**એકેડેમિક કાઉન્સિલની તા. ૫–૧૦–૨૦૦૬ની સભાનો ઠરાવક્રમાંકઃ ૩૮**

:: આથી ઠરાવવામાં આવે છે કે, સાયન્સ ફેકલ્ટીનાં ફિઝીકસ **(Physics)** વિષયમાં પીએચ.ડી.ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા આપવા અંગેની ડૉ. કે.જી.રાવલની અરજી ગ્રાહ્ય રાખવી તથા તે પરત્વે કુલપતિશ્રી દ્વારા નિમાયેલ બે એક્ષ્પર્ટનો અહેવાલ/ રિપોર્ટ હકારાત્મક હોઈ તે સ્વીકારી ડૉ. કે. જી.રાવલને ફિઝીકસ વિષયમાં પીએચ.ડી.ના માર્ગદર્શક શિક્ષક તરીકે નવેમ્બર– ૨૦૦૬થી માન્યતા આપવા કરેલ ભલામણ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

(અનુસ્નાતક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની તા. ૫–૧૦–૨૦૦૬ની સભાનો ઠરાવ ક્રમાંક : ૩૮ની ભલામણનો યથાવત સ્વીકાર કરવો.

**૧૨.** સુરતની સાર્વજનિક મેડીકલ ટ્રસ્ટ હસ્તક ઈન્સ્ટીટયૂટ ઓફ પેરામેડીકલ સાયન્સીસમાં (**P.G.DMLT (Medical Laboratory Technology)** નો અભ્યાસક્રમ સ્વનિર્ભર ધોરણે ચલાવવા / વર્ષઃ ૨૦૦૬–૦૭નું જોડાણ ચાલુ રાખવા માટે નવા નિયત અરજીપત્રક **(Form C)** માં કરેલ અરજી અન્વયે મા. કુલપતિશ્રી દ્વારા નિયુકત કરાયેલ સ્થાનિક તપાસ સમિતિ **(LIC)** નો તા. ૨૭/૩/૨૦૦૬નો સુધારેલ અહેવાલ **(Revised LIC Report)** પરત્વે બી.યુ.ટી.ની તા.૩–૫–૨૦૦૬ની ભલામણ (ઠરાવ નં.૩) અન્વયે સંસ્થા પાસે માંગેલ જે તે મુદ્દાઓની સ્પષ્ટતાની અંગે સંસ્થાએ પાઠવેલ તા. ૮–૬–૨૦૦૬ના પત્રાંકઃ **SMT/PGDMLT/06-07/94** અન્વયે એકેડમિક કાઉન્સિલની તા. ૫–૧૦–૨૦૦૬ની સભાના ઠરાવ ક્રમાંકઃ ૪૮ થી કરેલ નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત.

**એકેડેમિક કાઉન્સિલની તા. ૫–૧૦–૨૦૦૬ની સભાનો ઠરાવ ક્રમાંકઃ ૪૮**

:: આથી ઠરાવવામાં આવે છે કે, સાર્વજનિક મેડીકલ ટ્રસ્ટ હસ્તક ઈન્સ્ટીટયૂટ ઓફ પેરામેડીકલ સાયન્સીસમાં નો **(P.G.DMLT (Medical Laboratory Technology)** નો અભ્યાસક્રમ સ્વનિર્ભર ધોરણે ચલાવવા / વર્ષઃ ૨૦૦૬–૦૭નું જોડાણ ચાલુ રાખવા માટે નવા નિયમ અરજીપત્રક **(Form C)** માં કરેલ અરજી અન્વયે મા. કુલપતિશ્રી દ્વારા નિયુકત કરાયેલ સ્થાનિક તપાસ સમિતિ **(LIC)** નો તા.૨૭/૩/૨૦૦૬નો સુધારેલ અહેવાલ **(Revised LIC Report)** પરત્વે બી.યુ.ટી.ની તા.૩–૫–૨૦૦૬ની ભલામણ (ઠરાવ નં.૩) અન્વયે સંસ્થા પાસે માંગેલ જે તે મુદ્દાઓની સ્પષ્ટતાની અંગે સંસ્થાએ પાઠવેલ તા.૮–૬–૨૦૦૬ના પત્રાંકઃ **SMT/PGDMLT/06-07/94** ધ્યાને લેતાં પ્રસ્તુત સંસ્થાને શૈક્ષણિક ૨૦૦૬–૦૭નું ચાલુ જોડાણ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત સંસ્થાએ પાઠવેલ તા. ૮–૬–૨૦૦૬ના પત્રાંકઃ **SMT/ PGDMLT/ 06-07/94**માં વાપરેલ અયોગ્ય ભાષા અંગે સંસ્થાને પત્ર લખવો.

(અનુસ્નાતક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, પી. જી. ડી. એમ. એલ. ટી. શરૂ કરવા અંગે નીચે મુજબની ચકાસણી સમિતિની રચના કરવી.

(૧) ડૉ. ઘનશ્યામભાઈ રાવલ (૨) શ્રી દિનેશભાઈ દાસા

(૩) ડૉ. વિપુલભાઈ સોમાણી (૪) આ. ડૉ. ભાસ્કરભાઈ રાવલ

(૪) ડૉ. કે. સી. પટેલ

ઉપરોકત કમિટિના રીર્પોટના આધારે આગળની કાર્યવાહી હાથ ધરવી.

**૧૩.** સાર્વજનિક મેડીકલ ટ્રસ્ટ–સુરત સંચાલિત ધી ઈન્સ્ટિટયૂટ ઓફ પેરા મેડીકલ સાયન્સીસમાં શૈક્ષણિક વર્ષઃ ૨૦૦૬–૨૦૦૭ માટે **P.G. DMLT (Medical Laboratory Technology)** નો અનુસ્નાતક ડિપ્લોમાં અભ્યાસક્રમ સ્વનિર્ભર ધોરણે શરૂ કરવા/ સંસ્થાના જોડાણ/ માન્યતા આપવા અંગેની બાબત હાલ પર્યત વિચારાધીન છે.પરંતુ સાર્વજનિક મેડીકલ ટ્રસ્ટ–સુરત યુનિવર્સિટીના **P.G. DMLT** અભ્યાસક્રમની સાથે**Indian Medical Association - New Delhi** માન્ય **Diploma in Medical Laboratory Technology** તથા **X-ray Imaging Technology Diploma** અભ્યાસક્રમ અને **Indian & Gujarat Nursing Council** માન્ય **Auxiliary Nurse Midwifery** તથા **Diploma in General Nursing** જેવા વ્યવસાયલક્ષી અભ્યાસક્રમો વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની પરવાનગી વગર ચલાવે છે. આ બાબત અંગેની માહિતી સદરહૂ ટ્રસ્ટના જોઈન્ટ સેક્રેટરીએ તેમના તા. ૧૩–૦૨–૨૦૦૭ના પત્ર ક્રમાંક : એસએમટી/ પીજીડીએમએલટી/ ૪૬૧માં જણાવેલ છે. જેથી ટ્રસ્ટ દ્વારા ચલાવાતા ઉપરોક્ત વ્યવસાયલક્ષી અભ્યાસક્રમોની નોંધ લેવા અને જરૂરી હોય તો મંજૂરી આપવા અંગે કરેલ વિનંતીની દરખાસ્ત પર વિચારણા કરવા બાબત.

(અનુસ્નાતક વિભાગ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, પી. જી. ડી. એમ. એલ. ટી. સાથે અન્ય અભ્યાસક્રમો શરૂ કરવા અંગે નીચે મુજબની ચકાસણી સમિતિની રચના કરવી.

(૧) ડૉ. ઘનશ્યામભાઈ રાવલ (૨) શ્રી દિનેશભાઈ દાસા
(૩) ડૉ. વિપુલભાઈ સોમાણી (૪) આ. ડૉ. ભાસ્કરભાઈ રાવલ
(૪) ડૉ. કે. સી. પટેલ

ઉપરોક્ત કમિટિના રીર્પોટના આધારે આગળની કાર્યવાહી હાથ ધરવી.

**૧૪.** નવી પરીક્ષા પધ્ધતિને ધ્યાનમાં લઈ પરીક્ષા સંચાલનમાં સામેલ સુપ્રિટેન્ડન્ટ ઓફ એકઝામ, બ્લોક સુપરવાઈઝર, સ્ટેશનરી સુપરવાઈઝર, ફેકટો ટર્મ, એક્ષટર્નલ સુપ્રિટેન્ડન્ટ, આચાર્ય અને સ્કવોડની ન્યુનતમ કામગીરી નકકી કરવા અંગે એકેડેમિક કાઉન્સિલની તા.૧૪–૧૨–૨૦૦૬ના ઠરાવ નં.૪૧ અન્વયે કરેલી નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત.

**એકેડેમિક કાઉન્સિલની તા. ૧૪–૧૨–૨૦૦૬ની સભાની ભલામણ ક્રમાંકઃ ૪૧**

:: આથી ઠરાવવામાં આવે છે કે, પરીક્ષા સંચાલન સાથે સંકળાયેલ કર્મચારીની કામગીરી અંગેનો મુસદ્દો સુધારા વધારા સાથે મંજૂર કરવો.

(એકેડેમિક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની તા. ૧૪–૧૨–૨૦૦૬ની સભાની ભલામણ ક્રમાંકઃ ૪૧નો જરૂરી સુધારા વધારા સાથે સ્વીકાર કરવો.

**૧૫.** યુનિવર્સિટી કાર્યાલયમાં ફરજ બજાવતાં નીચે દર્શાવેલ વહીવટી કર્મચારીઓને આપવામાં આવેલ બઢતી સંદર્ભમાં એક વર્ષના અજમાયશી સમય તેઓના નામ સામે દર્શાવેલ તારીખે પૂરો થતો હોય તેઓને નોકરીમાં કાયમ કરવા કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

| ક્રમ | કર્મચારીના નામ | હોદ્દો | વિભાગ | બઢતીની તારીખ | કાયમ કરવાની તારીખ |
|---|---|---|---|---|---|
| ૧. | શ્રીમતી એ.એસ.દેસાઈ | સિનિયર કલાર્ક | હિસાબી | ૧/૨/૨૦૦૬ | ૩૧/૧/૨૦૦૭ |
| ૨. | શ્રીમતી એ.જે.દેસાઈ | સિનિયર કલાર્ક | એકેડેમિક | ૧/૨/૨૦૦૬ | ૩૧/૧/૨૦૦૭ |

(વહીવટી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી કાર્યાલયનાં એક વર્ષનાં અજમાયશી ધોરણે બઢતી પામેલ જે તે કર્મચારીઓનાં અજમાયશી સમયની મુદ્દત તેમના નામ સામે જણાવેલ તારીખે પૂરી થતી હોવાથી તેઓને (ઉપરોક્ત કર્મચારીઓને) તેમના નામ સામે જણાવેલ નોકરીમાં કાયમી કરવાની તારીખથી તે પદ પર યુનિવર્સિટીની નોકરીમાં કાયમ કરવા.

**૧૬.** રોટરી ફાઉન્ડેશન ફોર એજ્યુકેશન એન્ડ લર્નીંગ, વાપી સંચાલિત બી.બી.એ. અભ્યાસક્રમનું નામ શૈક્ષણિક વર્ષઃ ૨૦૦૭ – ૨૦૦૮થી કોલેજનું નામ "શ્રી રજ્જૂ શ્રોફ રોફેલ ઈન્સ્ટિટયૂટ ઓફ બી.બી.એ. પ્રોગ્રામને" બદલે હવેથી" જીઆઈડીસી રજ્જુ શ્રોફ રોફેલ ઇન્સ્ટિટયૂટ ઓફ મેનેજમેન્ટ સ્ટડીઝ (બીબીએ પ્રોગ્રામ)" સુધારણા કરી, પત્રવ્યવહાર નવા નામે કરવા તેમજ યુનિવર્સિટી રેકોર્ડમાં જરૂરી સુધારો કરવા અંગેની વિનંતી કરતાં પ્રસ્તુત ટ્રસ્ટનાં મંત્રીશ્રીનાં તા. ૨૬–૧૨– ૨૦૦૬નાં ઉપર વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, "શ્રી રજ્જૂ શ્રોફ રોફેલ ઈન્સ્ટિટયૂટ ઓફ બી.બી.એ. પ્રોગ્રામનુ" નવુ નામ તેમના પત્રમાં દર્શાવ્યા મુજબ " જીઆઈડીસી રજ્જુ શ્રોફ રોફેલ ઇન્સ્ટિટયૂટ ઓફ મેનેજમેન્ટ સ્ટડીઝ (બીબીએ પ્રોગ્રામ)" રાખવા માટેની મંજૂરી નિયમોનુસાર ફી લઈને આપવી.

**૧૭.** યુનિવર્સિટી સંલગ્ન ગુજરાત રાજયની સરકારી (આર્ટસ, કોમર્સ અને સાયન્સ) કોલેજોમાં જી. પી. એસ. સી. દ્વારા સીધી નિમણૂંક પામેલા અથવા અન્ય યુનિવર્સિટીમાંથી અગાઉ છૂટા કરેલ અથવા બદલી થઈ પૂર્ણ સમયના એડહોક વ્યાખ્યાતાઓને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની સંલગ્ન કોલેજોમાં સમાવવામાં આવે છે ત્યારે જે તે કોલેજો જે તે શિક્ષકોને માન્યતા આપવા માટે પત્રો અત્રે મોકલે છે.

વધુમાં આપણે ત્યાં નેટ/ સેટ પરીક્ષા ૧૯૯૯થી લાગું પાડેલ હતી. અન્ય યુનિવર્સિટીની સંલગ્ન કોલેજોમાંથી આવેલ વ્યાખ્યાતાને આપવામાં આવેલી માન્યતાની નોંધ લઈ માન્યતા આપવામાં આવે છે. અન્ય યુનિવર્સિટીમાં નેટ/ સેટ પરીક્ષા કયારે લાગું પાડવામાં આવી છે. તેની અત્રે જાણ ન હોય, ૧૯૯૯ પહેલા નિમણૂંક પામેલ ઉમેદવારોને નેટ/ સેટ લાગું પાડવી કે કેમ ? વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબત અન્વયે સરકારશ્રીમાંથી અભિપ્રાય મંગાવવો અને ત્યારબાદ યુનિવર્સિટીના ધારા ધોરણો મુજબ કવોલીફાઈડ સ્ટાફની નિમણૂંક કરવી.

**૧૮.** એમ.એસસી (આઈ. ટી) પ્રોગ્રામ ખાતે લેકચરર તરીકે ફરજ બજાવતાં કર્મચારીશ્રી કમલેશ ચૌધરીનું તા.૧૩/૧/૨૦૦૭ના રોજ દુઃખદ અવસાનથી તેમના કુટુંબ પર આવી પડેલ આપત્તિમાં તેમના કુટુંબની મદદરૂપ થવા માટે તા.૧૨–૦૨–૨૦૦૭ના રોજ એમ. એસસી (આઈ. ટી અને આઈ. સી. ટી) સ્ટાફ કાઉન્સીલની મીટીગ દરમ્યાન થયેલ ઠરાવ મુજબ સ્વ. કમલેશ ચૌધરી તેમની પાછળ પત્ની તથા છ માસની બાળકીને છોડી ગયેલ હોવાથી તેમની બાળકીનું ભવિષ્ય સુધરે તે માટે બાળકીના નામે એલ.આઈ.સી.ની જીવન વીમા સાથે મુડી વૃધ્ધિના લાભ ધરાવતી ૧૦ વર્ષના મુદતવાળી યુલીસ સ્કીમમાં એમ. એસસી (આઈ.ટી) સેલ્ફ ફાયનાન્સ ફંડમાંથી રૂા. ૫૦, ૦૦૦/ – સીગલ પ્રિમીયમ ભરી પોલીસી તેમના પરિવાર જનોને આપવા બાબત અંગે વિચારણા કરવા બાબત.

(એમ. એસસી. આઈ. ટી. વિભાગ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, એમ.એસસી (આઈ. ટી) પ્રોગ્રામ ખાતે લેકચરર તરીકે ફરજ બજાવતાં કર્મચારીશ્રી કમલેશ ચૌધરીનું તા.૧૩/૧/૨૦૦૭ના રોજ દુઃખદ અવસાનથી તેમના કુટુંબ પર આવી પડેલ આપત્તિમાં તેમના કુટુંબની મદદરૂપ થવા એલ.આઈ.સી.ની જીવન વીમા સાથે મુડી વૃધ્ધિના લાભ ધરાવતી ૧૦ વર્ષના મુદતવાળી યુલીસ સ્કીમમાં એમ. એસસી (આઈ.ટી) સેલ્ફ ફાયનાન્સ ફંડમાંથી રૂા. ૫૦, ૦૦૦/ – સીગલ પ્રિમીયમ ભરી પોલીસી આપવી.

**૧૯.** યુનિવર્સિટી સંલગ્ન રોફેલ શ્રી જી. એમ. બીલખીયા કોલેજ ઓફ એપ્લાઈડ સાયન્સીસ, વાપીના આચાર્યશ્રીએ શૈક્ષણિક વર્ષ ૨૦૦૭–૦૮ માટે એફ.વાય.બી.સી.એ.નો વધારાનો એક વર્ગ ચાલુ કરવા તા.૨૦–૧–૨૦૦૭ના રોજ કાર્યાલયને લખેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી સંલગ્ન રોફેલ શ્રી જી.એમ. બીલખીયા કોલેજ ઓફ એપ્લાઈડ સાયન્સીસ, વાપીના આચાર્યશ્રીએ શૈક્ષણિક વર્ષ ૨૦૦૭–૦૮ માટે એફ.વાય.બી.સી.એ.નો વધારાનો એક વર્ગ ચાલુ કરવા અંગેની વિનંતી ગ્રાહ્ય રાખવી નહી અને પ્રસ્તુત પત્ર ફાઈલ કરવો.

**૨૦.** સિન્ડિકેટ તા.૯/૨/૨૦૦૬ના ઠરાવ નં.: ૬૭ અન્વયે યુનિવર્સિટીના કોમ્પ્યુટર સાયન્સ વિભાગમા લેકચરર તરીકે તા.૨૦/૨/૨૦૦૪થી બે વર્ષના અજમાયશી સમયપર જોડાયેલ શ્રી વિમલ કે. ચૌધરી **NET/SLET**ની પરીક્ષા પસાર કરી શકયા ન હોવાથી તેમનો અજમાયશી સમય મા. કુલપતિશ્રીની મંજુરીથી વધુ એક વર્ષ લંબાવી આપવામાં આવેલ હતો. જેની મુદ્દત તા.૧૮/૨/૨૦૦૭ના રોજ પૂર્ણ થતાં શ્રી વિમલ કે. ચૌધરીએ અજમાયશી સમયની મુદ્દત વધુ લંબાવી આપવા વિનંતી કરતા તેમના તા.૫/૨/૨૦૦૭ના પત્રથી કરેલ વિનંતી સબબ વિચારણા કરવા બાબત.

**નોંધઃ**

(૧) સિન્ડિકેટ તા.૨૯/૧/૨૦૦૪ની સભાના ઠરાવ નં.: ૨૪ અન્વયે પસંદગી સમિતિની તા.૨૭/૧/૨૦૦૪ની ભલામણ અંતર્ગત શ્રી વિમલ કે. ચૌધરીને યુનિવર્સિટીના વ્યાખ્યાતાના પદ પર બે વર્ષના અજમાયશી ધોરણે યુ.જી.સી.ની જોગવાઈ મુજબ બે વર્ષના અજમાયશી સમય દરમ્યાન **NET/SLET**ની પરીક્ષા પસાર કરી લે તે શરતે નિમણૂંક આપવામાં આવી હતી. અને તેઓ આ જગા પર તા. ૨૦/૨/૨૦૦૦ના રોજ હાજર થયા હતા.

(૨) ઉપરોકત તેમની તા.૨૦/૨/૨૦૦૦ની હાજર તારીખ સંદર્ભમાં બે વર્ષનો અજમાયશી સમય તા.૧૯/૬/૨૦૦૨ના રોજ પૂરો થતો હતો. પરંતુ તે સમય દરમ્યાન તેઓ **NET/SLET**ની પરીક્ષા પસાર કરી શકયા ન હતા. જે અંતર્ગત સિન્ડિકેટ તા.૯/૨/૨૦૦૬ની સભાના ઠરાવ નં.૬૭ અન્વયે ઠરાવ્યાનુસાર તેમનો અજમાયશી સમય મા. કુલપતિશ્રીના આદેશથી વધુ એક વર્ષ લંબાવવામાં આવ્યો હતો. જેની મુદ્દત તા.૧૮/૨/૨૦૦૭ના રોજ પૂર્ણ થાય છે. શ્રી વિમલ કે. ચૌધરીને વધુ એક વર્ષનો લંબાવી આપવામાં આવેલ અજમાયશી સમય દરમ્યાન પણ તેઓ દ્વારા **NET/SLET**ની પરીક્ષા ત્રણવાર પ્રયત્ન કરવા છતાં પસાર કરી શકેલ નથી. અને હાલ તેઓ આગામી જુન–૨૦૦૭માં **NET/SLET**ની લેવાનાર પરીક્ષામાં બેસનાર હોય તેઓએ તેમના તા.૫/૨/૨૦૦૭ના પત્રથી અજમાયશી સમય વધુ લંબાવી આપવા વિનંતી કરેલ છે. જે અંગે વિચારવાનું રહે છે.

(વહીવટી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબત અંગે નિયમોનુસાર કરવાં મા. કુલપતિશ્રીને સત્તા આપવી.

**૨૧.** યુ. જી. સી., ન્યુ દિલ્હીના તા. ૨– ૧– ૨૦૦૭ પત્રાંક : **F. 30 -** ૨/ ૨૦૦૭ **(Su-I)** પત્રમાં જણાવ્યુ છે કે સને ૨૦૦૬–૨૦૦૭ના વર્ષ માટે **Additional Development Grant "One time gran"** રૂા.૬૪,૩૫,૦૦૦/– (અંકે રૂપિયા ચોસઠ લાખ પાંત્રીસ હજાર પુરા) મંજૂર કર્યા છે. આ ગ્રાન્ટ જુદા જુદા હેતુઓ માટે તા.૩૧–૩–૨૦૦૭ સુધીમાં વાપરવાની હોય છે તો આ પત્રની નોંધ લેવા બાબત.

(યુ. જી. સી.)

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુ. જી. સી., ન્યુ દિલ્હીના તા. ૨– ૧– ૨૦૦૭ પત્રાંક : **F. 30 -** ૨/ ૨૦૦૭ **(Su-I)** પત્રની નોંધ લઈ આ ગ્રાન્ટને તા. ૧૫–૩– ૨૦૦૭ સુધીમાં વાપરવી.

૨૨. **"Career Counselling and Development Centre"** શરૂ કરવા યુનિવર્સિટીના એમ.એચ.આર.ડી. વિભાગના વડાશ્રી ડૉ. કિરણ એમ. પંડયાના તા. ૨૬–૬–૨૦૦૬ના પત્ર પર તથા સ્વનિર્ભર અંગ્રેજી અને અન્ય ફોરેને લેંગ્વેજ શિખવવા માટે યુનિવર્સિટીની કેમ્પસ પર અલગ વિભાગ શરૂ કરવા માટેની મા. કુલપતિશ્રીને સંબોધીને લખેલા પ્રા. અશોકભાઈ એન.દેસાઈના તા.૦૩–૧૦–૨૦૦૬ની સભાના ઠરાવ ક્રમાંકઃ (પ૨) પર વિચારણા કરવા બાબત.

**એકેડેમિક કાઉન્સિલની તા. પ–૧૦–૨૦૦૬ની સભાની ભલામણ ક્રમાંકઃ (પ૨)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, એમ.એચ.આર.ડી. વિભાગના વડાશ્રી ડૉ. કિરણ એમ. પંડયા અને પ્રા.અશોકભાઈ એન.દેસાઈના ઉપરોકત દરખાસ્ત સ્વીકારવી અને આગળની કાર્યવાહી હાથ ધરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, "Center for Professional Studies" (વ્યવસાયિક અભ્યાસકેન્દ્ર) ઉભું કરવાનો આ સભા સૈધ્ધાંતિક સ્વીકાર કરેલ છે.

(શૈક્ષણિક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની તા. પ–૧૦–૨૦૦૬ની સભાની ભલામણ ક્રમાકઃ (પ૨)નો સૈધ્ધાંતીક સ્વીકાર કરવો. તેમજ સર્ટીફીકેટ કોર્ષ નિયમોનુસાર યુનિવર્સિટી કેમ્પસ પર જ શરૂ કરવા.

૨૩. ૧. કેમ્પસ ખાતે નવી ગર્લ્સ હોસ્ટેલ બંધાય રહેલ છે. જેનો ખર્ચ સેલ્ફ ફાઈનાન્સ ફંડમાંથી ફાળવવાનું નકકી થયેલ છે. પરંતુ દશમી પંચ વર્ષીય યોજનામાં એમિનિટિસ ફંડ હેઠળની રૂા ૪૦ લાખની મળેલ ગ્રાન્ટમાંથી ગર્લ્સ હોસ્ટેલ બાંઘવાનો ખર્ચ ફાળવી શકાય એમ હોવાથી આ હોસ્ટેલ બાંઘવા થનાર રૂા. પ૧,૬૮,૭૬૭.પ૦ પૈકી નો રૂા. ૩૯ લાખ ૩૯ હજાર ખર્ચ યુ.જી.સી. ગ્રાન્ટમાંથી ફાળવવા તથા બાકી રહેતી સેલ્ફ ફાઈનાન્સ ફંડમાંથી ફાળવવા અંગે વિચારણા કરવા બાબત.

૨. કેમ્પસ ખાતે વિવિઘ પ્લેગ્રાઉન્ડ બનાવવા માટે પીળી માટીનું પુરાણ કરવા માટે પીળીમાટી ખરીદવા અંદાજે રૂા. ૨૬ લાખનો ખર્ચ થવા જાય એમ છે. જેનો ખર્ચ સ્પોર્ટસ ડેવલોપમેન્ટ ફંડ હેઠળ ફાળવવા વિચારણા કરવા બાબત.

૩. ગણિતશાસ્ત્ર વિભાગના વડાશ્રી દ્વારા મળેલ પત્ર મુજબ ગણિતશાસ્ત્ર – આંકડાશાસ્ત્ર વિભાગ માટે અલાયદું મકાન બાંઘવા માટે વિચારણા કરવા બાબત.

(બાંઘકામ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, ગર્લ્સ હોસ્ટેલ બાંઘવા અંગે ખર્ચ મંજૂર કરવો અને રૂા. ૩૯ લાખ ૩૯ હજારનો ખર્ચ દશમી પંચ વર્ષીય યોજનામાં એમિનિટિસ ફંટ હેઠળની રૂા.૪૦ લાખની મળેલ ગ્રાન્ટમાંથી કરવો તથા બાકી રહેતો ખર્ચ સેલ્ફ ફાઈનાન્સ ફંડમાંથી કરવો.

કેમ્પસ ખાતે વિવિઘ પ્લેગ્રાઉન્ડ બનાવવા માટે પીળી માટીનું પુરાણ કરવા અંગેનો ખર્ચ મંજૂર કરવો અને પ્રસ્તુત ખર્ચ સ્પોર્ટસ ડેવલોપમેન્ટ ફંડ હેઠળ ફાળવવો.

વઘુમાં, ગણિતશાસ્ત્ર–આંકડાશાસ્ત્ર વિભાગ માટે અલાયદું મકાન બાંઘવા સૈઘ્ધાંતીક મંજૂરી આપવી.

૨૪. ૨૬મી ફેબ્રુઆરીના રોજ નર્મદ પુણ્યતિથિ હોય, આ દિવસે કોન્વોકેશન કાયમી ઘોરણે રાખવા બાબતે મા.કુલપતિશ્રી સાહેબે કરેલ સૂચન અંગે વિચારણા કરવા બાબત.

(પરીક્ષા)

:: આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, ૨૬મી ફેબ્રુઆરીના રોજ વીર નર્મદની પુણ્યતિથિ હોય, તેથી વાર્ષિક કોન્વોકેશન કાયમી ઘોરણે તા.૨૬મી ફેબ્રુઆરીના રોજ રાખવા મા.કુલપતિશ્રીએ કરેલ વિનંતી ગ્રાહ્ય રાખવા અને સ્ટેટયૂટ–૨૨૮ નીચે મુજબ વંચાય તે રીતે સેનેટને ભલામણ કરવામાં આવે છે.

**STATUE: 228**

The Convocation for conferring Degrees and Diplomas shall be held on 26th Febuary (Every year). At such Convocation the Dean of each Faculty, or in his absence, the Senior member of the Faculty shall request the Sente to pass a grace in the first instance and then shall present to the Chancellor or the Vice-Chancellor at the Convocation the persons who have sought admission to the respective degrees of diplomas. Such presentation shall take place in such order as may be fixed by the Vice-Chancellor.

**૨૫.** એપ્રિલ–૧૯૯૮માં લેવાયેલ ટી.વાય.બી.કોમ. પરીક્ષાની વિદ્યાર્થીની બેઠક નંબર– ૫૧૫૭ ખ્યાતિ ખગેશ સીસવાવાલાએ એસ.વાય.બી.કોમ. પરીક્ષાનો એક વિષય (કમ્પલસરી એકાઉન્ટન્સી) પાસ કર્યો ન હોવા છતા ટી.વાય.બી.કોમ. ની પરીક્ષામાં પાસ જાહેર થઈ જતાં તથા માર્ચ –૨૦૦૦ માં પદવી પ્રમાણપત્ર પણ મેળવી લીધું હોય એકેડેમિક કાઉન્સિલે તેની તારીખ ૦૩–૦૨–૨૦૦૬ની સભાના ઠરાવક્રમાંકઃ ૪૯ અન્વયે કરેલ ઠરાવ પર સિન્ડિકેટે તેની તારીખ ૧૭–૧૦–૨૦૦૬ની સભાના ઠરાવક્રમાંકઃ ૨ થી કાનૂની સલાહ મેળવવાની કરેલ ભલામણ અનુસાર કાનૂની સલાહકાર શ્રી આર.એ.દેસાઈએ તારીખ ૧૬–૧૨–૨૦૦૬ થી મોકલેલ કાનૂની અભિપ્રાય પર વિચારણા કરવા બાબત.

(પરીક્ષા)

:: આથી ઠરાવવામાં આવે છે કે, એપ્રિલ–૧૯૯૮માં લેવાયેલ ટી.વાય.બી.કોમ. પરીક્ષાની વિદ્યાર્થીની બેઠક નંબર– ૫૧૫૭ ખ્યાતિ ખગેશ સીસવાવાલાએ એસ.વાય.બી.કોમ. પરીક્ષાનો એક વિષય (કમ્પલસરી એકાઉન્ટન્સી) પાસ કર્યો ન હોવા છતા ટી.વાય.બી.કોમ. ની પરીક્ષામાં પાસ જાહેર થઈ જતાં તથા માર્ચ–૨૦૦૦ માં પદવી પ્રમાણપત્ર પણ મેળવી લીધું હોય તે અંગે ખ્યાતી ખગેશ સીસવાવાલા પર કાયદેસરની કાર્યવાહી હાથ ધરવી.

**૨૬.** કોમ્પ્યુટર સાયન્સ વિભાગના અધ્યક્ષ ડૉ. અપૂર્વભાઈ દેસાઈના તા. ૩–૩–૨૦૦૭ના પત્ર પર વિચારણા કરવા બાબત.

(કોમ્પ્યુટર સાયન્સ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, આ બાબતે ભાવતાલ કરી ખરીદી કરવાની મા. કુલપતિશ્રીને સત્તા આપવામાં આવે છે.

**૨૭.** યુનિવર્સિટી વિવિધ વિભાગોમાં રોજબરોજના વધતા કાર્યભાર સંદર્ભમાં સિન્ડિકેટની તા. ૬–૯–૨૦૦૧ ની સભાના ઠરાવક્રમાંકઃ ૪૦ અન્વયે ૧૪ –કલાર્ક, ૧– લાયબ્રેરી આસિસ્ટન્ટ તથા ૨– પટાવાળા એમ કુલ ૧૭ જગા માટે શરૂઆતના ૮ માસની મુદ્દત માટે ફીકસ પગારથી નિમણૂક આપવામાં આવી હતી. ૧૭ કર્મચારીઓ પૈકી ૮ કર્મચારીઓ સરકારશ્રીની બોલીઓ અને શરતોને આધિન પાંચ વર્ષ આધારિત ફીકસ પગારથી (રૂા.૨,૫૦૦/–) નિમણૂક આપવામાં આવતા હાલ નીચે જણાવેલ ૯ કર્મચારીઓ (૭ કલાર્ક + ૨ પટાવાળા) ૧૧ માસની મુદ્દત માટે રૂા. ૩,૦૦૦/– માસિક ફીકસ પગારથી કોન્ટ્રાકટ બેઈઝ પર કાર્યરત છે. જેઓની નામ સામે જણાવેલ તારીખે ૧૧ માસની મુદ્દત પુરી થાય છે. તો તેઓને ફરીથી કરાર આધારિત નિમણૂક આપવી કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

| ક્રમ | કર્મચારીનું નામ | હાજર થયાની તારીખ | ૧૧ માસ પૂરા થયાની તારીખ | વિભાગ |
|---|---|---|---|---|
| ૧. | શ્રી નિરવ એસ.દેસાઈ | ૩/૫/૨૦૦૬ | ૨/૪/૨૦૦૭ | સિન્ડિકેટ |
| ૨. | શ્રી નિલેશકુમાર ચીમનભાઈ પટેલ | ૨૯/૫/૨૦૦૬ | ૨૮/૪/૨૦૦૭ | સિન્ડિકેટ |
| ૩. | કુ. કિર્તી રતિલાલ સુરતી | ૮/૫/૨૦૦૬ | ૭/૪/૨૦૦૭ | એકેડેમિક |
| ૪. | શ્રી નિરવ કે. શાહ | ૮/૫/૨૦૦૬ | ૭/૪/૨૦૦૭ | એમ.એસસી.આઈટી |
| ૫. | શ્રી ડેની એસ.જેરોલ્ડ | ૩/૫/૨૦૦૬ | ૨/૪/૨૦૦૭ | બાયોસાયન્સ વિભાગ |
| ૬. | શ્રીમતી મનિષા એ. કદમ | ૨૯/૫/૨૦૦૬ | ૨૮/૪/૨૦૦૭ | પરીક્ષા |
| ૭. | શ્રીમતી રણજીત ડી. સાવંત | ૮/૫/૨૦૦૬ | ૭/૪/૨૦૦૭ | પરીક્ષા |
| ૮. | શ્રી ચેતનસિંહ ઉદયસિંહ રાઠોડ (પટાવાળા) | ૩/૫/૨૦૦૬ | ૨/૪/૨૦૦૭ | એમ.એસસી.આઈટી |
| ૯. | શ્રી તેજસભાઈ કે. ગામીત (પટાવાળા) | ૩/૫/૨૦૦૬ | ૨/૪/૨૦૦૭ | એમ.એસસી.આઈટી |

(વહીવટી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં અગાઉ કોન્ટ્રાકટ બેઇઝ પર નિમણૂંક પામેલા ઉપરોકત કર્મચારીઓને ૭ દિવસનો બ્રેક આપી વધુ ૧૧ માસના માટે અગાઉની શરતોએ કોન્ટ્રાકટ બેઈઝ પર નિમણૂંક આપવી.

**૨૮.** યુનિવર્સિટી ગણિતશાસ્ત્ર વિભાગના રીડર ડૉ. પ્રજ્ઞેશ એ. ગજ્જર યુ.કે.ની મુલાકાતે જવા તા. ૧૨–૩–૨૦૦૫ થી તા.૨૦–૬–૨૦૦૫ એટલે કે, ૭૦ દિવસની હકક રજા તથા અર્ધપગારી રજા મંજૂર કરાવી ગયા હતાં ત્યાર બાદ તેઓ તા. ૨૧–૬–૨૦૦૫ થી તા. ૩૦–૧–૨૦૦૭ સુધી એટલે કે, ૫૮૯ દિવસ (૧–વર્ષ ૬–માસ ૯ દિવસ) ફરજ પર હાજર થયા ન હતાં. આ સમય દરમ્યાન કાર્યાલય તરફથી હાજર થવા અંગે બે પત્રો પાઠવવામાં આવેલ હતાં. જે સબબ તેઓ તા. ૩૧–૧–૨૦૦૭ના રોજ ફરજ પર હાજર થયા હતાં. આ અંગે સિન્ડિકેટે તેઓને હાજર થવા અને ખૂલાસો મંગાવવા ઠરાવેલ હતું, હવે તેઓ ફરી કોઈ પણ પ્રકારની જાણકારી આપવાં વિનાં વિભાગમાં ગેરહાજર રહે છે. તથા તેઓ યુ.કે. ગયા છે તેવી જાણ થઈ છે. તો તેઓના કિસ્સામાં શી કાર્યવાહી કરવી તે અંગે વિચારણા કરવા બાબત.

(વહીવટી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબતે કાનૂની અભિપ્રાય લઈ નોકરીમાંથી દૂર કરવાની કાર્યવાહી હાથ ધરવી તથા આ કેસનાં વિગતોની ફોરેનની એમ્બેસીને જાણ કરવી. વધુમાં ડૉ. પી. એચ. ભાઠાવાલાએ ડૉ. પ્રજ્ઞેશ ગજ્જરની અરજીઓ યુનિવર્સિટીની જાણ બહાર બારોબાર કેવી રીતે ફોરવર્ડ કરી તે અંગે ખુલાસો પૂછાવવો.

**૨૯.** યુ.જી.સીની ગાઈડ લાઈન અનુસાર વિદ્યાર્થી સ્નાતક કક્ષાએ ડિગ્રી અભ્યાસક્રમ સાથે સને ૨૦૦૭–૦૮ અને ૨૦૦૮–૦૯થી અનુક્રમે **Diploma in Financial Management** તેમજ **Diploma in International Bussiness** અભ્યાસક્રમ શરૂ કરવાની મંજૂરી અંગે આવેલ ઝેડ. એફ. વાડિયા વિમેન્સ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજના આચાર્યશ્રીના તા.૧૨–૨–૦૭ના પત્રાંકઃ જોડાણ ડીપ્લો/ ૨૦૦૬– ૦૭/ ૨૪૯ના પત્ર પર વિચારણા કરવા બાબત.

(શૈક્ષણિક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોક્ત બાબતે મા. કુલપતિશ્રીને સત્તા આપવી.

**૩૦.** સને ૨૦૦૭–૨૦૦૮ ના વર્ષમાં યોજાનાર સેનેટની વિવિધ મતદાર વિભાગની ચૂંટણીના છાપકામના મળેલ ભાવપત્રક પર વિચારણા કરવા બાબત....

:: ૨૦૦૨–૨૦૦૩ ના વર્ષમાં મંજૂર કરેલ ભાવ અને સને ૨૦૦૭ ના ભાવની તુલના કરવામાં આવી અને કામની ગુણવત્તા અને સેનેટની ચૂંટણી માટે જરૂરી બાબતો તથા અગાઉની કામગીરીને ધ્યાને લઈ સૂર્યા ઓફસેટ, અમદાવાદના ભાવ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

(હિસાબી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, નાણાંસમિતિની તા. ૨૨ – ૨– ૨૦૦૭ના રોજ મળેલ સભાએ તેના ઠરાવ ક્રમાંક (૩) અન્વયે કરેલ ઉપરોકત ભલામણ સ્વીકારવી અને ભાવપત્રકમાં દર્શાવેલ જુદા જુદા ભાવ બાબતે ભાવતાલ કરવાની સત્તા મા. કુલપતિશ્રીને આપવામાં આવે છે.

**૩૧.** યુનિવર્સિટીના કેમેસ્ટ્રી વિભાગમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટે લેબોરેટરી તથા સંશોધન કાર્ય અંગે ૨૦૦૭–૨૦૦૮ વર્ષ દરમ્યાન જરૂરિયાતનાં કેમિકલ્સ, ગ્લાસવેર્સ એપરેટર્સ, રિસર્ચ કેમિકલ્સ તથા સાધનો વગેરે રેટ કોન્ટ્રાકટથી ખરીદવા અંગે મળેલ રેટ કોન્ટ્રાકટ ઓફર ઉપર અને તે મુજબ ડિસેમ્બર–૨૦૦૮ સુધી રેટ કોન્ટ્રાકટ મંજૂર કરવા માટે વિચારણા કરવા બાબત.

**(નોંધઃ** નાણાંસમિતિની તા.૧૩–૨–૨૦૦૭ની સભાની બાબત ક્રમાંકઃ ૫ થી ઠરાવ્યા મુજબ તા.૧–૧–૨૦૦૭ થી ૩૧–૩–૨૦૦૮ સુધીના સમય માટે રેટ કોન્ટ્રાકટ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.**)**

(હિસાબી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, નાણાંસમિતિની તા.૧૩–૨–૨૦૦૭ની સભાની બાબત ક્રમાંકઃ ૫ થી ઠરાવ્યા મુજબ તા.૧–૧–૨૦૦૭ થી ૩૧–૩–૨૦૦૮ સુધીના સમય માટે રેટ કોન્ટ્રાકટ અંગેની ભલામણ યથાવત મંજૂર કરવી.

**૩૨.** એચ.આર. શાહ મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ–નવસારીનાં આચાર્યશ્રીએ યુનિવર્સિટીને મોકલાવેલ કોલેજના અધ્યાપકોના કાર્યભારની માહિતીમાં પ્રાધ્યાપક સંજય ડી. દાસના મનોવિજ્ઞાન વિષયમાં બે તાસનો પી.જી.નો કાર્યભાર એમ.ટી.બી. આર્ટસ કોલેજ–સુરતમાં દર્શાવેલ છે. પરંતુ એમ.ટી.બી. આર્ટસ કોલેજ–સુરતમાં મનોવિજ્ઞાન વિષયના અનુસ્નાતક કેન્દ્રમાં યુનિવર્સિટીએ આપેલ મુલાકાતી શિક્ષકોની પરવાનગીની યાદીમાં સદર પ્રાધ્યાપક સંજય ડી. દાસના નામનો છેલ્લા ચાર વર્ષમાં કોઈ ઉલ્લેખ કરવામાં આવેલ નથી. જેથી તેઓ આ કોલેજમાં અનુસ્નાતક કક્ષાએ અધ્યાપન કાર્ય કરાવતા નથી એ ફલિત થાય છે. વધુમાં, સદર પ્રાધ્યાપક સંજય ડી. દાસના અનુસ્નાતક કક્ષાના અધ્યાપન કાર્ય બાબતે યુનિવર્સિટી દ્વારા લખાયેલાં પત્રોનો પ્રા. સંજય ડી. દાસ તથા એચ.આર. શાહ મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ–નવસારીના આચાર્યશ્રી પાસે જરૂરી માહિતી મંગાવતા કોઈ પણ પ્રત્યુત્તર યુનિવર્સિટી કાર્યાલયને આજ દિન સુધી મળેલ ન હોય તો તે બાબત અંગે વિચારણા કરવા બાબત.

(અનુસ્નાતક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબતની નીચે મુજબની કમિટીના રીપોર્ટને આધારે આગળની કાર્યવાહી હાથ ધરવી.

(૧) આ.શ્રી. જે. એમ. નાયક (સિન્ડિકેટ સભ્ય) (૨) આ.ડૉ.યુ.ટી.દેસાઈ (સિન્ડિકેટ સભ્ય)
(૩) શ્રી સંજયભાઈ દેસાઈ (સિન્ડિકેટ સભ્ય) (૪) શ્રી દિનેશભાઈ દાસા(સિન્ડિકેટ સભ્ય)
(૫) શ્રી નૈષધભાઈ દેસાઈ (સિન્ડિકેટ સભ્ય)

**33.** સ્પાન એજ્યુકેશનલ એન્ડ રીસર્ચ ફાઉન્ડેશન સંચાલિત ઈન્સ્ટીટયૂટ ઓફ મેડીકલ ટેકનોલોજી, સુરતના માનદ સેક્રેટરીના તા.૨૭/૦૨/૨૦૦૭ ના પત્રમાં નીચે મુજબની રજૂઆત પરત્વે વિચારણા કરવા બાબત.

(૧) સ્પાનમાં M.Sc. (Medical Technology) નો અનુસ્નાતક અભ્યાસક્રમ સ્વનિર્ભર ધોરણે (Self Financed) શૈક્ષણિક વર્ષ : 2006-07 માં શરૂ કરવા માટે ફોર્મ – C માં જે અરજી કરી હતી તે અરજીને વર્ષ : 2007-08 માટે રીન્યુઅલ અરજી તરીકે ગણીને આગામી જૂન માસથી પ્રવેશની કાર્યવાહી કરવાની મંજૂરી આપવા વિનંતી કરેલ છે.

(૨) સ્પાનમાં M.Sc. (Medical Technology) ના અનુસ્નાતક અભ્યાસક્રમ માટે તા. ૧૪–૧૦–૨૦૦૬ ના પત્રમાં જણાવેલ તે મુજબ સત્ર દીઠ રૂા. 25,000 /– ની ફી લેવાનો ઉલ્લેખ કરેલ છે. તે જોતાં એક વર્ષની કુલ ફી રૂા. 50,000 /– જેટલી થવા જાય છે. જે ફી લેવાની મંજૂરી લેખિતમાં માંગી છે.

(૩) સ્પાનને યુનિવર્સિટીનાં તા. ૨૪–૧–૧૯૯૨ ના પત્રથી જૂન – ૧૯૯૦ થી 'રેકગ્નાઈઝડ ઈન્સ્ટિટયૂટ' તરીકે કાયમી માન્યતા મળેલ હોય અને સંસ્થામાં યુનિવર્સિટીના તા. ૨૫–૯–૧૯૯૧ ના પત્રથી M.Sc. (Medical Technology) નો અનુસ્નાતક અભ્યાસક્રમ કાયમી ધોરણે ચાલુ રાખવા પરવાનગી મળેલ હોય રૂા. 40,000 /– ની એફીલીયેશન ફી ભરવામાંથી મુક્તિ આપવા વિનંતી કરેલ છે.

(૪) વિદ્યાર્થીઓ પાસેથી મેળવેલ કુલ ફીના 10% વાર્ષિક એફિલિયેશન / રેકગ્નેશન / એપ્રૂવલ ફી તરીકે યુનિવર્સિટીમાં જમા કરાવવાની સદર સંસ્થાએ બાંહેધરી આપેલ છે.

(અનુસ્નાતક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબત અંગે તેઓ પાસેથી રૂા. ૨૦૦૦/– ભરાવી નવેસરથી શૈક્ષણિક વર્ષ : ૨૦૦૭ – ૨૦૦૮ માટે અરજી લઈ LIC મૂકી રેકગ્નેશન અંગેની જરૂરી કાર્યવાહી હાથ ધરવી.

વધુમાં તેઓનું અગાઉનું જોડાણ ચાલુ હોઈ, રૂા. ૪૦, ૦૦૦/– ભરવામાંથી મુકતી આપવી. તથાં અગાઉ નકકી કરેલ વિદ્યાર્થી સંખ્યા માટે સદર ફીનું ધોરણ મંજૂર કરવું અને નિયમાનુસાર ૧૦% એફીલીયેશન ફી લેવી.

**૩૪.** ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગર દ્વારા બી. આર. એસ. કોલેજને (ગ્રામ્ય વિદ્યાપીઠો) એન. ઓ. સી. આપવામાં આવે છે ત્યારે એન. ઓ. સી.માં બી. આર. એસ. વિભાગની આચાર્યની લાયકાત સબંધીત યુનિવર્સિટી જણાવે તે રાખવાનું જણાવે છે.

ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રીના તા. ૪–૧૨– ૮૭ના કચેરી આદેશ મુજબ ગ્રામ વિદ્યાપીઠો માટે સેવા ભરતીના નિયમો જે નકકી થયા છે તે મુજબ આચાર્યની ભરતી માટે લાયકાત નીચે મુજબ જણાવેલ છે.

**આચાર્યની લાયકાત :** અનુસ્નાતક પ્રથમ વર્ગ અને ઉચ્ચ શિક્ષણનો ત્રણ વર્ષનો અનુભવ

અથવા

અનુસ્નાતક અને પાંચ વર્ષનો અનુભવ

પગાર ધોરણ : રૂા. ૬૫૦ – ૯૫૦ જુનુ પગાર ધોરણ

રૂા. ૬૫૦૦ – ૨૦૦ – ૧૦, ૫૦૦ નવું પગાર ધોરણ

ઉપરોકત બાબતે રૂરલ સ્ટડીઝ ફેકલ્ટીના ડીનશ્રી ડૉ. વિપુલ સોમાણીનો અભિપ્રાય મંગાવતા તેમણે બી .આર. સી. કોલેજના આચાર્યની ભરતી માટે નીચે મુજબ લાયકાત ધોરણ રાખવા જણાવેલ છે.

(૧) એમ. આર. એસ., એમ. એસ. ડબલ્યુ, એમ. એલ. / એમ.એસસી. (એગ્રી) વિષય સાથે અનુસ્નાતક.

(૨) અનુસ્નાતક કક્ષાએ ઓછામાં ઓછા ૫૫ ટકા અને સ્નાતક કક્ષાએ પ્રથમ વર્ગ અથવા અનુસ્નાતક કક્ષાએપ્રથમ વર્ગ અને સ્નાતક કક્ષાએ ૫૫ ટકા .

(૩) ૧૦ વર્ષનો સ્નાતક કક્ષાએ શિક્ષણ કાર્યનો અનુભવ. (પત્રની મૂળ નકલ સામેલ છે.)

રૂરલ સ્ટડીઝ ફેકલ્ટીના ડીનશ્રી ડૉ. વિપુલ સોમાણીનો અભિપ્રાય પર વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબત અન્ય બે યુનિવર્સિટીનાં ધોરણો સાથે આગામી સિન્ડિકેટમાં મૂકવી.

**૩૫.** યુનિવર્સિટીમાં કોલેજ ડેવલોપમેન્ટ કાઉન્સીલના ડીનશ્રી (સી.ડી.સી.) ડૉ. પી.કે.હીરાધરના આ સાથેના તેમના પત્ર ક્રમાંકઃસીડીસી/૬૫૭/૨૦૦૭ તા.૧૯/૧/૨૦૦૭ થી જણાવ્યાનુસાર ડીન તરીકેની નિમણૂંક સ્વીકારતા પહેલાં બાયોસાયન્સ ના પ્રોફેસર તરીકેની કાયમી જગા ઉપર તેમનો ધારણાધિકાર (લીયન) સુરક્ષિત રહે તે હેતુ ડૉ.પી.કે.હિરાધરે તેમના પત્રથી તેઓની ડીન (સીડીસી) તરીકેની નિમણૂંક એક આંતરિક વ્યવસ્થા રૂપે હોય અને એમ્પ્લોયર બદલાતા નથી તથા યુજીસીના નિયમાનુસાર પગારનો સ્કેલ તથા લાયકાતના ધોરણો પણ યુનિવર્સિટી કક્ષાના પ્રોફેસરના જ છે, જે મુદ્દો ટાંકી તેમનો ધારણાધિકાર (લીયન) ચાલુ રાખવા કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

**નોંધ :**

- ડીન (સીડીસી)ની જગા ત્રણ વર્ષ માટે છે.
- ડૉ.હિરાધર તા.૧/૧૨/૨૦૦૫ ના રોજ આ જગા પર હાજર થયેલ છે. અને તેઓની નિમણૂંક ત્રણ વર્ષની મુદત માટે કરવામાં આવેલ છે. જે તા.૩૦/૧૧/૨૦૦૮ ના રોજ પૂર્ણ થશે.
- ડૉ.હિરાધરની જન્મ તારીખ ૭/૨/૧૯૪૬ છે. જેથી ૬૨ વર્ષની મુદ્દત આગામી તા.૬/૨/૨૦૦૮ ના રોજ પૂર્ણ થશે. જે ત્રણ વર્ષની મુદ્દત કરતા વહેલું છે. પરંતુ સરકારશ્રીના સત્રના ૩૧-ઓકટોબર અને ૧૪-જૂનના રોજ નિવૃત્ત કરવાની કરેલ જોગવાઇના નિયમ અનુસાર ડીન (સીડીસી)ને તા.૧૪/૬/૨૦૦૮ ના રોજ નિવૃત્ત કરવાના રહે.

ઉપરોકત હકીકત સંદર્ભમાં યુનિવર્સિટીના વહીવટી કર્મચારીઓ તથા અનુસ્નાતક વિભાગના શિક્ષકો દ્વારા ધારણાધિકાર (લીયન) ચાલુ રાખવા અંગે આવેલ વિનંતી અંતર્ગત સિન્ડિકેટ દ્વારા વખતોવખત જે તે કિસ્સામાં લેવામાં આવેલ નિર્ણયો નીચે મુજબ છે.

(૧) યુનિવર્સિટીના ભૂતપૂર્વ નાયબ કુલસચિવ શ્રી સી.પી.પટેલના કિસ્સામાં જેઓની મામલતદાર તરીકે પસંદગી થતા લીયન માટે કરેલ વિનંતી અંતર્ગત સિન્ડિકેટ તા.૨૬/૧૦/૨૦૦૫ ની સભાના ઠરાવ નં.૨૧ અન્વયે નીચે મુજબ કરેલ ઠરાવનો ભાગ નીચે મુજબ છે.

:: **‘સીધી રાજય સરકાર દ્વારા નિમણૂંક આપતી જગાઓના અને પરદેશ જવાના ખાસ કિસ્સામાં જ લીયનની બાબતો સિન્ડિકેટ સમક્ષ લાવવી. અને કોઇપણ કિસ્સામાં હવે પછી લીયન આપવું નહિ. તેમ ઠરાવેલ છે.’**

(૨) યુનિવર્સિટીના આંકડાશાસ્ત્રના અનુસ્નાતક વિભાગના ભૂતપૂર્વ રીડર ડૉ.આર.ડી.પટેલના કિસ્સામાં જેઓની ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ ખાતે પ્રોફેસર તરીકે પસંદગી થતાં લીયન માટે તેમની વિનંતી અંતર્ગત સિન્ડિકેટ તા.૨૬/૧૦/૨૦૦૫ ની સભાના ઠરાવ નં.૧૨ અન્વયે તેમનો ધારણાધિકાર (લીયન) મંજૂર ન રાખવાનું ઠરાવેલ છે.

(૩) તે જ રીતે રસાયણશાસ્ત્રના અનુસ્નાતક વિભાગમાં ભૂતપૂર્વ રીડર ડૉ.કિશોર એસ.ચિખલીયાના કિસ્સામાં જેઓની ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ ખાતે પ્રોફેસર તરીકે પસંદગી થતાં ધારણાધિકાર (લીયન) ચાલુ રાખવા માટેની વિનંતી કાર્યાલયે સ્વીકારેલ નથી.

જયારે

નીચે દર્શાવેલ કિસ્સાઓમાં ધારણાધિકાર (લીયન) ચાલુ રાખવાની વિનંતી ગ્રાહ્ય રાખવામાં આવી છે.

(૪) યુનિવર્સિટીના આંકડાશાસ્ત્રના અનુસ્નાતક વિભાગના ભૂતપૂર્વ રીડર ડૉ.વી.ડી.નાયકે ધારણાધિકાર (લીયન) રાખવા કરેલ વિનંતી અંતર્ગત સિન્ડિકેટ તા.૨૬/૫/૨૦૦૫ ની સભાના ઠરાવ નં.૩૭ હેઠળ ખાસ કિસ્સા તરીકે તેઓને ફરજમાંથી મુકત કર્યાની તારીખથી બે વર્ષના સમયગાળા માટે ધારણાધિકાર (લીયન) મંજૂર કરવાનું ઠરાવેલ છે.

(૫) ભૂતપૂર્વ ડીન ડૉ.બી.આઇ.શેઠના કિસ્સામાં સિન્ડિકેટ તા.૨૧/૧૨/૨૦૦૧ ની સભાના ઠરાવ નં.૭૭ થી નીચે મુજબ ઠરાવેલ છે.

:: **‘યુનિવર્સિટીના ભૌતિકશાસ્ત્રના પ્રાધ્યાપક અને વડા ડૉ.બી.આઇ.શેઠની યુનિવર્સિટીની કોલેજ ડેવલોપમેન્ટ કાઉન્સીલ (સી.ડી.સી.) ડીન તરીકેની નિમણૂંક થઇ હોવાથી તેમને ભૌતિકશાસ્ત્ર વિભાગના પ્રાધ્યાપકની જગા ઉપર તા.૨૧/૧૨/૨૦૦૧ થી તા.૧૫/૬/૨૦૦૨ સુધીનું લીયન મંજૂર કરવુ.’**

(૬) તાજેતરમાં એમ.એસસી.(આઇ.ટી.)માં રીડર તરીકે ફરજ બજાવતાં શ્રી એસ. વી. પટેલને એમ.એસસી.(આઇ.ટી.)ના પ્રોગ્રામના નિયામક તરીકે લીયન / ડેપ્યુટેશન પર જવા બાબતે કરેલ વિનંતી અંતર્ગત સિન્ડિકેટ તા.૯/૨/૨૦૦૬ ની સભાના ઠરાવ નં.૭૩ અન્વયે તેમની માંગણી ગ્રાહ્ય રાખવી અને સદર જગા કાયમી ધોરણે ભરાય ત્યાં સુધી અથવા વધુમાં વધુ ત્રણ વર્ષ માટે તેમની નિયુક્તિ કરવી અને તે સમયગાળાનું લીયન મંજૂર કરવાનું ઠરાવેલ છે.

(વહીવટી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીમાં કોલેજ ડેવલોપમેન્ટ કાઉન્સીલના ડીનશ્રી (સી.ડી.સી.) ડૉ. પી.કે. હિરાધરએ તા.૧૯/૧/૨૦૦૭થી કરેલ વિનંતી ગ્રાહ્ય રાખવી નહિ અને લીયન આપવું નહી.

યુનિવર્સિટી કાર્યાલય, સુરત
ક્રમાંકઃ એસ–૧ (૧)/૩૪૪૮/૨૦૦૭ **કુલસચિવ**
તા. ૧૬–૪ –૨૦૦૭

પ્રતિ,
સિન્ડિકેટના સર્વે સભ્યશ્રીઓ……